# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૨૨ અંક : ૩ સપ્ટેમ્બર ૨૦૧૧ ભાદરવો ૨૦૬૭ સળંગ અંક : ૨૩૨

સંપાદકો : પરમ પાઠક + મદનમોહન શર્મા + નિરંજન પટેલ + ઉજ્જ્વલ ત્રિવેદી + મનીષ સોલંકી + રાજુ રાઠોડ


## સંપાદકીય...

### પળનું સત્ય

બધું બદલાઇ રહ્યું છે. આઘાતજનક રીતે બદલાઇ રહ્યું છે. આનંદજનક રીતે બદલાઇ રહ્યું છે. જેનું આપણે નાહી નાખ્યું હતું, જે બદલાઇ જ ના શકે એવું આપણે નિરાશામાં માની લીધેલું તે પણ બદલાઇ રહ્યું છે.

બદલાવાની આ પ્રક્રિયા વસમી હોય છે. ખરેખર વસમી હોય છે. કારણ કે એનો રેલો સીધો આપણી નીચે જ આવે છે. આપણે પોતે જ બદલાવું પડે છે. સતત નવું નવું શીખવા, નવું નવું અપનાવવા, નવા નવા પડકારો ઝીલવા આપણે તૈયાર રહેવું પડે છે. આમાં પ્રમાદ નથી ચાલતો, તર્કો, વિતર્કો, કુતર્કો નથી ચાલતા.. બદલાવવાનું એટલે બદલાવવાનું. આ માટે આપણી ચેતનાને સત્યનિષ્ઠ બનાવવાની... ગ્રહણશીલ બનાવવાની... આ છે આજનું સત્ય.

આ બદલાવની પ્રક્રિયા ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓને પણ એટલી જ લાગુ પડે છે. એમને પણ મને કમને બદલાવની આ પ્રક્રિયામાંથી પસાર થવું જ પડે છે. યે ઇશ્ક નહીં આસાન... ઇક આગકા દરિયા હૈ ઔર ડૂબ કે જાના હૈ...

અગાઉ જે 'બેકાબુ' સંસ્થાઓ હતી. પોતાનામાં જ 'મસ્ત' રહેતી હતી. તેમની નીચે પણ રેલો આવ્યો છે. 'મજબુરી કા નામ મહાત્મા ગાંધી' ન્યાયે એ પણ બદલાઇ રહી છે. આમ છતાં આ બધું અટકાવી દેવા, પાછા અસલના રામ (હરામ) રાજ્યમાં પહોંચી જવા કેટલાક બળો પણ કાર્યરત હોય છે !

કેટલીક સંસ્થાઓ આરંભથી જ હોંશીલી હોય છે. એમને કાંઇક નવું, દાખલારૂપ કરવું ગમે છે. એ વગર એમને ચેન જ નથી પડતું. તે આવનારા સમયની રુખ પારખી લે છે. બદલાવા માટે, નવા નવા પડકારો ઝીલવા માટે જલ્દી તૈયાર થઇ જાય છે. ભલે થોડી વધારે તકલીફો પડે, ભલે કોઇને લાગે કે આ તો પેટ ચોળીને શૂળ ઊભું કર્યું છે. આમ છતાં આ સંસ્થાઓ નવા સત્યને, નવી પ્રણાલીને આવકારવા, એને અનુરૂપ બદલાવવા ઉત્સુક હોય છે.

આપણી યુનિવર્સિટીની કુંડળીમાં પણ પહેલેથી જ આવું બધું પડેલું છે. પ્રજાકીય સહકાર અને સત્યસંકલ્પના બળે આપણે યુનિવર્સિટી તરીકે આગવી ઓળખ મેળવી. ઇ.સ. ૨૦૦૧માં 'નેક' દ્વારા મૂલ્યાંકન કરાવવામાં પણ ગુજરાત અને રાજસ્થાનની તમામ યુનિવર્સિટીઓમાં આપણે પહેલ કરી. ને એ વખતે 'બી' ગ્રેડ મેળવ્યો.

પાંચ વરસે પુનઃ મૂલ્યાંકનનો સમય આવ્યો. મૂલ્યાંકનો, પુનઃમૂલ્યાંકનો પણ સતત ચાલતી પ્રક્રિયા છે. નહીં તો ગુણવત્તાનું એક ધોરણ મેળવી લીધા બાદ પાછી સ્થગિતતા આવી જતી હોય છે. એટલે આપણે સતત વ્યવસ્થાના અને અવ્યવસ્થાના બળો વચ્ચે સંતુલન સાધતા રહેવું પડે છે.

ઇ.સ. ૨૦૦૮માં 'નેક' દ્વારા આપણું પુનઃ મૂલ્યાંકન થયું. એ વખતે નવા માપદંડો અનુસાર આપણને 'બી' ગ્રેડ અને 2.75 CGPA પ્રાપ્ત થયા. પરંતુ આપણે તો એના કરતાં વધારેની અપેક્ષા રાખી હતી. એટલે આપણી યુનિવર્સિટીના મોવડીઓ (સિન્ડીકેટ અને IQAC)એ પૂરતી વિચારણા કરીને 'નેક' ને ફેરવિચારણા કરવા માટે અપીલ કરી. આપણી અપીલમાં વજૂદ હતી. ને પરિણામે તાજેતરમાં પ્રો. ભટનાગરની આગેવાની હેઠળ એક નવી જ પિયર ટીમ આપણી મુલાકાતે આવી. આ મુલાકાત વખતે આપણો કેસ અસરકારક રીતે રજૂ કરવા માટે આપણે આપણા કુલપતિશ્રી હરીશ પાઢ, આપણા યુવાન કા. કુલસચિવ તુષાર મજમુદાર અને IQACના સંયોજક પ્રો. એચ. જે. જાનીના નેતૃત્વ હેઠળ પૂરતી કવાયત કરી હતી. ને નવી પિયર ટીમે આપણી તલસ્પર્શી ફેરતપાસ પણ કરી. ને હમણાં 'નેક'ની એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સામાન્ય સભામાં નિર્ણય લેવાયો. ને આપણને બી ગ્રેડ અને 2.83 CGPA એનાયત થયા. આ રીતે એક પ્રકરણનો અને આપણી ઇન્તેજારીનો તાર્કિક અંત આવ્યો.

'નેક' દ્વારા સૌથી વધુ CGPA અને ગ્રેડ મેળવનાર ગુજરાતની પ્રથમ ત્રણ યુનિવર્સિટીઓમાં આપણે બીજા સ્થાને પહોંચી ગયા. આપણા કરતાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ 0.10 CGPA આગળ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી 0.01 CGPA પાછળ છે. ગુજરાતની અન્ય સરકારી યુનિવર્સિટીઝ આપણી જેમ ગ્રેડ તો 'બી' જ ધરાવે છે, પરંતુ CGPAની દૃષ્ટિએ આપણાથી પાછળ છે.

આવાં મૂલ્યાંકનો, પુનઃમૂલ્યાંકનો, સર્વેક્ષણો થતાં જ રહે છે. થતાં રહેવા જોઇએ. તાજેતરમાં 'ઇન્ડિયા ટુડે' સામયિકે આપણા દેશની શ્રેષ્ઠ ૫૦ યુનિવર્સિટીઝનું એક સર્વેક્ષણ હાથ ધરેલું. એ પછી હમણાં 'રાજસ્થાન પત્રિકા' દૈનિકની અમદાવાદ આવૃત્તિમાં સંશોધનકાર્ય અને એ માટે UGCની વિવિધ યોજનાઓ અન્વયે ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીને પ્રાપ્ત થતા અનુદાનોની વિગતો પ્રગટ થયેલી. આ બન્નેમાં આપણી યુનિવર્સિટીનું સ્થાન નોંધપાત્ર છે.

આપણા માટે આવા અવસરો આત્મનિરીક્ષણના નિમિત્તો પૂરા પાડે છે. અનેક વિસંગતીઓ, અનેક ગૂંચવાડાઓ હોવા છતાં આપણે ત્યાં કાંઇક સારું, કાંઇક વધારે સારું બની રહ્યું છે એમ સમજાય છે. આપણે ગ્રહણશીલ છીએ. વધારે ને વધારે પડકારો ઝીલતા જઇએ છીએ. આમ છતાં આપણે હારતા નથી. થાકતા નથી. આત્મનિરીક્ષણ કરીએ છીએ... ફેર વિચારણા માટે અપીલ કરીએ છીએ... કાંઇક મેળવીએ છીએ... કશોક વસવસો પણ હજુ રહી જાય છે. આપણે એવી એક ઉંચાઇએ ઊભા છીએ કે જ્યાંથી હજુ વધારે ઊંચાઇઓ દેખાઇ રહી છે. એ આપણને નિમંત્રી રહી છે.

- પરમ પાઠક

# Teaching - Learning

**આણંદ કોમર્સ કોલેજ**ના આસી. લાયબ્રેરીયન શ્રી કે.આર. દેવધર તથા એસો. પ્રોફેસર વી. એમ. પટેલે ૧૮ જુલાઈ ૨૦૧૧થી ૨૨ જુલાઈ ૨૦૧૧ દરમિયાન INFLIBNET, અમદાવાદ ખાતે SOUL 2.0 લાયબ્રેરી સૉફ્ટવેરના ઈન્સ્ટોલેશન અને ઓપરેશનની તાલીમ મેળવી હતી.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઈન્સ્ટીટ્યુટ ઑફ સોશ્યલ સ્ટડીઝ, આણંદ**ના એન.એસ.એસ. યુનિટના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી મેદાન ખાતે વૃક્ષારોપણ કર્યું.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**ના વિદ્યાર્થીઓએ ભાદરણ (જિ. આણંદ) ખાતે **વૃક્ષારોપણ** કાર્યક્રમ અંતર્ગત ૬૫૦ રોપાઓ રોપ્યા.

આ જ કોલેજ ખાતે તા. ૨૬ જુલાઈના રોજ **'કારગીલ દિવસ'ની ઉજવણી** થઈ. એ નિમિત્તે ૨૦૨ બોટલ રક્તદાન કરવામાં આવ્યું.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ લૉ કોલેજ**ના બીબીએ, એલએલબી; બીએ, એલએલબીના ૫૦ વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદની સવાસોમી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે આણંદ આવેલ ખાસ ટ્રેન **'વિવેક એક્સપ્રેસ'**ની મુલાકાત લીધી.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત **બી.જે.વી.એમ.** ખાતે વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માટે **વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિની રચના** કરવામાં આવી.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી.પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**ના એન.એસ.એસ. યુનિટ દ્વારા ૧૫મી ઓગસ્ટે રામનગર મૈત્રી વિદ્યાલય ખાતે **કપડાં, ધાબળા, પેન, પેન્સિલ ઈત્યાદિ અભ્યાસલક્ષી ચીજવસ્તુઓનું વિતરણ** કરવામાં આવ્યું.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**માં **વર્ષાગીત ગાન** કરવામાં આવ્યું.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ** ખાતે મીસ મેનેજમેન્ટ, મેનેજમેન્ટ કોન્ફલીકટ ઈત્યાદિ વિષયને લગતી **મેનેજમેન્ટ સ્કીટ સ્પર્ધા** યોજાઈ. ૩૭ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો. નિર્ણાયક તરીકે સુનિલ દવે (જાણીતા ઉદ્યોગપતિ)એ સેવાઓ આપી.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ.પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન** ખાતે વુમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત **સાડી પરિધાન સ્પર્ધા** યોજાઈ.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઈન્સ્ટીટ્યુટ ઑફ સોશ્યલ સ્ટડીઝ**ના એન.એસ.એસ. યુનિટ દ્વારા ૩૧ ઓગસ્ટના રોજ એકતા પરિવાર વિસ્તાર, આણંદ ખાતે વ્યસનમુક્તિ અંગે પોસ્ટર પ્રદર્શન યોજાયું. આ જ સંસ્થાએ **'મેલેરિયા'** અંગે પણ **પોસ્ટર પ્રદર્શન** યોજ્યુ હતું.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત **બી.જે.વી.એમ. કોલેજ** ખાતે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી. એલ. પટેલના હસ્તે **જીમ સેન્ટરનો શુભારંભ** થયો. આ માટે યુજીસી તરફથી કોલેજને ૧૧મી યોજના અંતર્ગત રમતગમતના સાધનો ખરીદવા માટે પાંચ લાખ રૂપિયાનું અનુદાન પ્રાપ્ત થયું હતું.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઈન્સ્ટીટ્યુટ ઑફ સોશ્યલ સ્ટડીઝ** ખાતે રેડિયો મીર્ચી, અમદાવાદના ઉપક્રમે **'બઝ ધ કેમ્પસ'** કાર્યક્રમ યોજાયો. એમાં વિવિધ રમતે રમાડવામાં આવી. વિજેતાઓને પુરસ્કૃત કરાયા. કાર્યક્રમનું એંકરીંગ રેડિયો મીર્ચીના દેવાંગ તેમજ જયેશ તડવીએ કર્યું.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**માં રેડિયો મીર્ચી, અમદાવાદના ઉપક્રમે **'બઝ ધ કેમ્પસ'** કાર્યક્રમ યોજાયો. એનું એન્કરીંગ રેડિયો મીર્ચીના દેવાંગ તેમજ જયેશે કર્યું. વિદ્યાર્થીઓને વિવિધ રમતે રમાડવામાં આવી. વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યા.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**માં ગાયત્રી પરિવાર, હરદ્વારના ઉપક્રમે **યોગાસન જાગૃતિ કાર્યક્રમ** યોજાયો હતો.

બોરીયાવી કેળવણી મંડળ સંચાલિત **તારકેશ એન્ડ નિરંજના પટેલ કોમર્સ કોલેજ** ખાતે માતરના ધારાસભ્ય દેવુસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં **ફ્રેશર પાર્ટી અને પ્રતિભાશોધ સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ તથા આણંદ કોલેજ ઑફ એજ્યુકેશન**ના સંયુક્ત ઉપક્રમે ઈનરવ્હીલ કલબના સહયોગમાં CWDC અંતર્ગત **સ્તનપાન અભિમુખતા (બ્રેસ્ટ ફિડીંગ અવેરનેસ) કાર્યક્રમ** યોજાયો. આ નિમિત્તે ડૉ. નિખિલ ખારોડ (પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ,કરમસદ) અને ઈનરવ્હીલ ક્લબના પ્રમુખના વક્તવ્યો યોજાયા. વળી, આ નિમિત્તે **સ્વરચિત કાવ્ય સ્પર્ધા, પોસ્ટર સ્પર્ધા**નું પણ આયોજન થયું. સ્વરચિત કાવ્ય સ્પર્ધામાં બિજલ પટેલ, મનીષા પ્રજાપતિ અને પ્રેક્ષા પટેલ અનુક્રમે પ્રથમ, દ્વિતીય, અને તૃતીય ક્રમે વિજેતા નિવડ્યા. પોસ્ટર સ્પર્ધામાં હેમાંગિની, સુધા રબારી તથા વર્ષા સિંધા વિજેતા જાહેર થયા.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**માં **દેશભક્તિના ગીતોની સ્પર્ધા** યોજાઈ. એમાં ૧૦૦ વિદ્યાર્થીઓએ

ભાગ લીધો. વ્યક્તિગત સ્પર્ધામાં પૂજા કઠવાડિયા, રાજલ બ્રહ્મભટ્ટ અને પ્રતીક વિસરીયા પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા જાહેર થયા. સમૂહ સ્પર્ધામાં વિજેતાઓ આ પ્રમાણે રહ્યા : પ્રથમ- અનુષી એન્ડ ગ્રુપ; દ્વિતીય- વૈભવી દેસાઇ એન્ડ ગ્રુપ અને તૃતીય સ્થાને વિનિતા શુક્લા એન્ડ પ્રિન્સીપાલ સ્પેશ્યલ પ્રાઇઝ કોમલ ગુપ્તાને એનાયત કરવામાં આવ્યું. નિર્ણાયક તરીકે બ્રીજ જોશી અને ઊર્મિ ત્રિવેદીએ સેવાઓ આપી. આ સાથે **'મારા સપનાનું ભારત' થીમ પર રંગોલી, પેઇન્ટીંગ, કોલાજ મેકીંગ, પોસ્ટર મેકીંગ સ્પર્ધાઓ** પણ યોજાઇ હતી.

➤ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ** ખાતે **નોવેલ્સ એડ મેકિંગ શો અંતર્ગત એક દિવસીય કાર્યશાળા** યોજાઇ. આ કાર્યશાળામાં કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ થીમ આધારિત જાહેરાતો બનાવવાની વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી. આ કાર્યશાળામાં ૩૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તજ્જ્ઞ તરીકે પ્રિયેશ બાલક્રિશ્નએ સેવા આપી હતી.

➤ **શ્રી આઇ.જે. પટેલ બી.એડ. કોલેજ,** મોગરી ખાતે ૧૦ ઓગસ્ટ ૨૦૧૧ના રોજ **બળતણ વગરની વાનગી સ્પર્ધા** યોજાઇ હતી. એમાં જલદાબહેન વોરા અને શૈલેષભાઇ બારીયાએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

➤ **ક્રિશ્ચિયન કોલેજ ઑફ મેનેજમેન્ટ સ્ટડીઝ**ના એફ.વાય.બીબીએ., એફ.વાય.બીસીએના ૪૦ વિદ્યાર્થીઓએ તાજેતરમાં નડિયાદ ખાતે **'માતૃછાયા' અને શ્રી એસ.જી.બ્રહ્મભટ્ટ બધિર વિદ્યાલય**ની મુલાકાત લીધી હતી.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ લૉ કોલેજ,** આણંદ દ્વારા સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા હેઠળ **નિબંધ સ્પર્ધા**નું આયોજન થયું. આ સ્પર્ધાના વિષયો હતાઃ **'કાયદો અને નીતિમત્તા', 'કાયદો અને ધર્મ', 'ભારતમાં ભ્રષ્ટાચાર અને માનવ અધિકાર'.**

➤ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**ની વિદ્યાર્થીની **શોભના મેનન** સરદાર પટેલ ઇન્સ્ટીટ્યુટ ઑફ લીડરશીપ, અમદાવાદના ઉપક્રમે નિર્માણ પામનારી **ટેલી સીરીયલ 'લીડર્સ ઑફ ઇન્ડિયા'માં સરદાર પટેલ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે.** અભિનંદન.

➤ **અનુસ્નાતક હિન્દી વિભાગ**માં ૧૦ ઓગસ્ટના રોજ **'દેશભક્તિ ગીત'** અને **'શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા'**નું આયોજન થયું હતું. દેશભક્તિ ગીત સ્પર્ધામાં પ્રીતિ ગઢવી અને શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધામાં કોમલ સરગરા વિજેતા નિવડ્યા હતા.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઇન્સ્ટીટ્યુટ ઑફ સોશ્યલ વર્ક**ના ઉપક્રમે ૨૭ જુલાઇના રોજ **વક્તૃત્વ સ્પર્ધા** યોજાઇ. એમાં બીએસડબલ્યુ, એમએસડબલ્યુ અને એમએચઆરએમના વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ સ્પર્ધાનો વિષય હતો : **'દેશની ધાર્મિક સંપત્તિ રાષ્ટ્રની સંપત્તિ તરીકે જાહેર થવી જોઇએ.'** આ સ્પર્ધાના વિજેતાઓ હતાઃ બર્નાડ લિયો- પ્રથમ (MSW-1st Sem.), મિત્તલ શાલુ- દ્વિતીય (S.Y.B.S.W.), મોક્ષદા શાહ- તૃતીય (S.Y.B.S.W.). નિર્ણાયક તરીકે દિવ્યેશભાઇ પટેલ (આચાર્ય, આણંદ કોલેજ ઑફ એજ્યુકેશન, આણંદ) તેમ જ ડૉ. કપિલાબેન શેખડીવાળા (આણંદ ઇન્સ્ટીટ્યુટ ઑફ પી.જી. સ્ટડીઝ ઇન આર્ટ્સ)એ સેવાઓ આપી હતી.

➤ **અનુસ્નાતક ઇકોનોમિક્સ વિભાગ**ના ઉપક્રમે ૧૧ ઓગસ્ટના રોજ **'એચ.એમ. પટેલ મેમોરિયલ ઇલોક્યુશન કોમ્પીટીશન'**નું આયોજન થયું હતું. આ સ્પર્ધાનો વિષય હતોઃ **"ધ પ્રોપર્ટી બિલોંગીંગ ટુ રીલીજીયસ ઇન્સ્ટીટ્યુટશન શુડ બી ટ્રીટેડ એઝ નેશનલ પ્રોપર્ટી".** આ સ્પર્ધાના વિજેતાઓ હતાઃ પ્રથમ- શોભના મેનન (સેમકોમ), દ્વિતીય-દર્શ મહેતા (એન.વી.પાસ.), તૃતીય- ઇશા પરીખ (સી.ઝેડ. કોલેજ ઑફ બિઝનેસ એન્ડ મેનેજમેન્ટ). આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. રાજુ રાઠોડ (એમ.બી.એ. વિભાગ)એ સેવાઓ આપી હતી.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**માં રક્તદાન શિબિર યોજાયો. એમાં એનએસએસના વિદ્યાર્થીઓએ ૪૯ બોટલ રક્તદાન કર્યું.

### શિક્ષકદિન ઉજવણી - ૫ સપ્ટેમ્બર

➤ **એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર અને સી.સી. પટેલ લોકવિજ્ઞાન કેન્દ્ર**ના ઉપક્રમે **'શિક્ષકની પ્રતિબદ્ધતા'** અંગે ડૉ. વીણાબેન કે. પટેલ (શિક્ષણ વિદ્યાશાખાના ડીન, અનુ. શિક્ષણ વિભાગના વડા, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર)નું વક્તવ્ય યોજાયું.

➤ બોરીયાવી કેળવણી મંડળ સંચાલિત **કોમર્સ કોલેજ**માં શિક્ષકદિન ઉજવણી નિમિત્તે કેમ્પસ ડાયરેક્ટર ડૉ. વી. એમ. પટેલ, સહમંત્રી ચંદ્રકાન્તભાઇ અને શ્રી રાજેશભાઇના વક્તવ્યો યોજાયા.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**ના તાલીમાર્થીઓએ **ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જીવન પરિચય, અબ્રાહમ લિંકને લખેલા પત્ર અંગે વક્તવ્યો** યોજાયા. 'શિક્ષણ જ નહીં વિદ્યા પણ' પુસ્તિકાનું વિતરણ થયું. સૌએ 'તારે જમીન પર' ફિલ્મ નિહાળી.

### ઉમાશંકર જોશી જન્મશતાબ્દી - ૨૧ જુલાઈ

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**માં આ નિમિત્તે પ્રો. કે.વી. સોલંકીએ **'ઉમાશંકરની ટૂંકી વાર્તાઓ'** અંગે વક્તવ્ય આપ્યું. પ્રો. એ.કે. યાજ્ઞિકે સમગ્ર રીતે ઉમાશંકર જોશીનો પરિચય કરાવ્યો. કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન પ્રો. આર.પી. પટેલે શોભાવ્યું. તેમણે ઉમાશંકરની કાવ્યશૈલી, લેખન શૈલી અંગે વક્તવ્ય આપ્યું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં ગુજરાતી ભાષા સાહિત્ય મંડળના ઉપક્રમે આ નિમિત્તે વિદ્યાર્થીઓએ **ઉમાશંકર જોશીના જીવન અને સર્જનના વિવિધ પાસાંઓનો પરિચય** આપ્યો. કાર્યક્રમના મુખ્ય મહેમાન ડૉ. આર. પી. પટેલે ઉમાશંકર જોશીના સાહિત્ય સર્જન અંગે પ્રવચન આપ્યું. વળી, એમણે તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કરવા ૧૧,૧૧૧/- રૂપિયાનો પુરસ્કાર આપ્યો.

➢ **એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર** ખાતે આ નિમિત્તે આચાર્યશ્રી ડૉ. નાથુભાઈ પટેલે **ઉમાશંકર જોશીની બહુમુખી પ્રતિભાનો પરિચય** કરાવ્યો. પ્રા. અમિતાબેન પટેલે ઉમાશંકરની કવિપ્રતિભા અંગે વક્તવ્ય આપ્યું. પ્રશિક્ષણાર્થીઓએ ઉમાશંકર જોશીના સર્જનના વિવિધ પાસાંઓ અંગે વક્તવ્યો આપ્યા. ઉમાશંકરના સુખ્યાત ગીત 'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા'નું વિજય પરમારે ગાન કર્યું.

### વિશ્વ વસ્તી દિન

➢ **એન.એચ પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન અને સી.સી. પટેલ લોકવિજ્ઞાન કેન્દ્ર**ના સંયુક્ત ઉપક્રમે સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન શૈક્ષણિક સંસ્થાઓ માટે **નિબંધ સ્પર્ધા અને પોસ્ટર સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું.

**નિબંધ સ્પર્ધાના વિજેતાઓ આ પ્રમાણે છે.**

પ્રથમ : હીના ચૌધરી, આણંદ હોમિયોપેથી મેડિકલ કોલેજ

દ્વિતીય : કૃપાલ ક્રિશ્ચિયન, આણંદ કોલેજ ઑફ એજ્યુકેશન

તૃતીય : ભાવિતા શાહ, આણંદ એજ્યુકેશન કોલેજ

આ સ્પર્ધામાં નિર્ણાયકો તરીકે ડૉ. જયંતિભાઈ રાણા, ડૉ. પ્રતીક્ષા પટેલ, પ્રો. સજના પિલ્લાઈએ સેવા આપી.

**પોસ્ટર સ્પર્ધાના વિજેતાઓ :**

પ્રથમ : પ્રિયંકા પરમાર, આણંદ ઈન્સ્ટી. ઑફ સોશ્યલ વર્ક

દ્વિતીય : હિરલ ગજ્જર, પી. કે. ઇનામદાર કોલેજ

તૃતીય : વર્ષા દલવાડી, પી. કે. ઇનામદાર કોલેજ

આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રો. અજિતભાઈ પટેલ, પ્રો. વિભાબહેન ગજ્જર અને ડૉ. નંદાબહેન પટેલે સેવાઓ આપી હતી.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં આ નિમિત્તે **પોસ્ટર સ્પર્ધા** યોજાઈ. એમાં પ્રથમ ક્રમે હેમાંગિની, દ્વિતીય ક્રમે નિલમ ઝાલા અને તૃતીય ક્રમે ભાવિતા શાહ વિજેતા જાહેર થયા. ગીતા પારગી, પ્રતીક્ષા વાઘેલાને આશ્વાસન ઇનામ પ્રાપ્ત થયું. આ સ્પર્ધાના નિર્ણાયકો તરીકે ડૉ. વાઘજીભાઈ બારૈયા, ડૉ. મહેશભાઈ સોલંકી અને પ્રા. બિજલ બહેન સોલંકીએ સેવાઓ આપી. આ પ્રસંગે ગ્રંથાલય દ્વારા **પુસ્તક પ્રદર્શન** પણ યોજાયું. કાર્યક્રમના અધ્યક્ષા ડૉ. માલાબહેને વિશ્વ વસ્તી દિન અંગે વિસ્તૃત ચર્ચા કરી.

### ગુરુપૂર્ણિમા

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં ડૉ. રમાબહેન ત્રિવેદી (નિવૃત્ત અધ્યાપક, એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન)નું **વક્તવ્ય** યોજાયું. ગ્રંથાલયમાં પુસ્તક પ્રદર્શન યોજાયું.

➢ બોરીયાવી કેળવણી મંડળ સંચાલિત **કોમર્સ કોલેજ**માં કેમ્પસ ડાયરેક્ટર ડૉ. વી. એમ. પટેલ, મંત્રીશ્રી રાજેશભાઈ તથા ચંદ્રકાન્તભાઈના **વક્તવ્યો** યોજાયા.

➢ **એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર** ખાતે અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગના વડા પ્રો. ડૉ. એમ. કે. યાજ્ઞિકનું **પ્રવચન** યોજાયું.

### UGC approved SAP DRS-III of G.H. Patel Post Graduate Department of Business Management (MBA)

The University Grants Commission (UGC) has approved G.H. Patel Post Graduate Department of Business Management (MBA) in continuation DRS-II under Special Assistance Programme (SAP) for a further period of 5 year (1-4-2011 to 31-3-2016), i.e. for SAP III.

Total financial assistance of Rs. 33,00,000 and one Project Fellow has been approved for implementing the phase. The thrust identified area is Consumer Research in Rural Area. Prof. Rajnikant P. Patel is Coordinator and Dr. Darshna Dave is Deputy Coordinator in this programme.

# પ્રવચન/વ્યાખ્યાન

| ક્રમ | સંસ્થા | વક્તા | વિષય | તારીખ/માસ |
|---|---|---|---|---|
| ૧. | ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ સંચાલિત શ્રી આઇ.જે. પટેલ એમ.એડ. કોર્સ, મોગરી | પ્રો. ડૉ. રમેશ કોઠારી, પૂર્વકુલપતિ CASE અને M.S. University | (રીસર્ચ પ્રપોઝલ) સંશોધન કાર્યનો પ્રસ્તાવ | ૧૦ ઓગસ્ટ ૨૦૧૧ |
| ૨. | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ આણંદ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ | ધર્મેશભાઇ આચાર્ય, કૉ-ઓર્ડિનેટર, ગુજરાત ઇન્ટેલ પ્રી સર્વિસ પ્રોગ્રામ | ઇન્ટેલ એલીમેન્ટ કોર્સ | ૨૯ ઓગસ્ટ ૨૦૧૧ |
| ૩. | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ આણંદ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ | ઇશ્વરભાઇ બ્રહ્મભટ્ટ | રમતાં રમતાં ગણિત તથા ભાષા શીખીએ | ૨૯ ઓગસ્ટ ૨૦૧૧ |
| ૪. | ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ સંચાલિત શ્રી આઇ.જે. પટેલ બી.એડ. કોલેજ, મોગરી | ડૉ. ભરત પંડ્યા | રેકી | જુલાઇ ૨૦૧૧ |
| ૫. | ક્રિશ્ચિયન કોલેજ ઑફ મેનેજમેન્ટ, આણંદ | ડૉ. કેતકી શેઠ, આણંદ કોમર્સ કોલેજ | સી.બી.સી.એસ. | ૨ ઓગસ્ટ ૨૦૧૧ |
| ૬. | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટી. ઑફ બિઝનેસ સ્ટડીઝ, આણંદ | ડૉ. એન. આર. પરમાર | ઔદ્યોગિક ક્ષેત્રે જરૂરી કૌશલ્યો અને લાક્ષણિકતા | જૂન ૨૦૧૧ |
| ૭. | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટી. ઑફ બિઝનેસ સ્ટડીઝ, આણંદ | પ્રો. સુનિલ મહેતા, બી.એન્ડ બી. પોલિટેકનિક કોલેજ | ભારત જાણો, માનો, બનો અને બનાવો | ૨ ઓગસ્ટ ૨૦૧૧ |
| ૮. | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજ | કુ. અનુદિપ્તી શર્મા<br>કુ. જ્યોતિ સોની<br>કુ. રેનુ<br>દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય, મથુરા | યોગ પરિચય | જુલાઇ ૨૦૧૧ |
| ૯. | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજ | વિપીનભાઇ પંડ્યા | જીવ સેવા એ જ શિવ સેવા | ઓગસ્ટ ૨૦૧૧ |
| ૧૦. | સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન | મૌલાના મહંમદ મોહસીનરઝા | રમઝાન | ઓગસ્ટ ૨૦૧૧ |
| ૧૧. | ચારુતર વિદ્યામંડળ સંચાલિત બી.જે.વી.એમ. કોલેજ લીબર્ટી છાત્રાલય | શનુભાઇ પટેલ<br>માનદ્ સહમંત્રી, ચારુતર વિદ્યામંડળ | સમ્યક વાંચન | જુલાઇ ૨૦૧૧ |
| ૧૨. | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટી. ઑફ સોશ્યલ વર્ક | રાજયોગી શ્રી પંચમસિંહ | ડાકુમાંથી રાજયોગીનું આત્મકથન | જૂન ૨૦૧૧ |
| ૧૩. | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજ (વિમેન સેલ) | ડૉ. હીના શાહ<br>(ફાઉન્ડર ડાયરેક્ટર)<br>ઇન્ટરનેશનલ સેન્ટર ફોર એન્ટરપ્રાન્યોરશીપ એન્ડ ડેવલપમેન્ટ | વિમેન એન્ટરપ્રાન્યોરશીપ એન્ડ ડેવલપમેન્ટ | સપ્ટેમ્બર ૨૦૧૧ |

# પરિસંવાદ

| ક્રમ | સંસ્થા | કક્ષા | વિષય | વક્તા/ઉપસ્થિતિ | માસ/તારીખ | અન્ય વિગત |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજ | NAAC અનુદાનિત રાષ્ટ્રીય પરિસંવાદ | હેલ્થી ક્વોલિટી પ્રેક્ટીસઃ અનનોન ટુ નોન | ઉદ્ઘાટન : આર એમ. ખાંટ, ડેપ્યુટી કલેક્ટર, આણંદ<br>હાર્દરૂપ વક્તવ્યઃ આર.જી. કોઠારી (પૂર્વ કુલપતિ, ASE, M.S. University)<br>સમાપન વક્તવવ્યઃ પ્રો. નરેશ વેદ (ડાયરેક્ટર, એકેડેમિક સ્ટાફ કોલેજ) | ૩૦,૩૧ જુલાઇ ૨૦૧૧ | ૨૫૧ શોધપત્રો રજૂ થયા |
| ૨. | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટી. ઑફ બિઝનેસ સ્ટડીઝ | સ્થાનિક | ઇન્વેસ્ટર એમ્પાવરમેન્ટ | હાર્દરૂપ વક્તવ્યઃ હરેશ મોટીયા | ૧૧ ઓગસ્ટ ૨૦૧૧ | અન્ય વક્તવ્યોઃ કે. એસ. દેવડા મહેશ પંડ્યા |
| ૩. | ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ | સ્થાનિક | ફાઇન આર્ટ્સ વર્કશોપ, ઓન ધ સ્પોટ પેઇન્ટીંગ, કાર્ટુન ડ્રોઇંગ, પોસ્ટર મેકિંગ, કલે મોડલીંગ, રંગોળી | કનુ પટેલ<br>કે. સી. પટેલ<br>ક્રિષ્ના વડિયા | - | ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો |
| ૪. | ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ | સ્થાનિક | બ્રીજ ધ ગેપ બીટવીન યુ એન્ડ યોર ચાઇલ્ડ | સ્વામી નિખિલેશ્વરાનંદજી રામકૃષ્ણ મિશન, વડોદરા | જુલાઇ ૨૦૧૧ | ૧૫૦ વાલીઓ જોડાયા |

અનુસંધાન પાન ૧૨થી ચાલુ...

ભ્રષ્ટાચાર નામનું આ કેન્સર એટલું બધું વકર્યું છે કે એમાં કોઇપણ પ્રકારની કેમોથેરાપી કામ નહીં લાગે. કહેવાય છે ને કે, 'જ્યાં આભ ફાટ્યું હોય ત્યાં થીંગડું ક્યાં દેવું ?'

-નીતા ચંદાણી
બિઝનેસ સ્ટડીઝ વિભાગ

જેમ આપણા જીવન અને ધરતી પરથી ભગવાન કે ખુદાને હટાવવા અશક્ય છે, કારણ કે તેઓ તો અત્ર, તત્ર, સર્વત્ર છે એ જ રીતે ભ્રષ્ટાચાર પણ અત્ર, તત્ર, સર્વત્ર છે... મારે શું, આપણે શું ? આવા શબ્દો, આવી માનસિકતા એ ભ્રષ્ટાચારના મા-બાપ છે. આમાંથી ભ્રષ્ટાચાર ઉદ્ભવે છે. જ્યારે હોસ્પિટલમાં એક બાળકનો જન્મ થાય છે એની સાથે એક નવા ભ્રષ્ટાચારનો જન્મ થાય છે. સૌથી પહેલા જન્મનો દાખલો કઢાવવા માટે તમારે ચા-પાણીના નામે રૂપિયા આપવા પડે. એ બાળક મોટું થાય અને સ્કુલ જાય ત્યારે ડોનેશનના નામે ભ્રષ્ટાચાર. પોતાનું ભણતર પતાવી જ્યારે નોકરી માટે જાય ત્યારે ઓળખાણના નામે ભ્રષ્ટાચાર. નોકરી મળ્યા બાદ જ્યારે લગ્ન કરવાના થાય ત્યારે દહેજના નામે ભ્રષ્ટાચાર. જ્યારે નોકરીમાંથી નિવૃત્ત થાય ત્યારે પેન્શન ચાલુ કરાવવા માટે ભ્રષ્ટાચાર. ને માણસ જ્યારે મૃત્યુ પામે ત્યારે મરણનો દાખલો કઢાવવા માટે ભ્રષ્ટાચાર.

- ફરહીન હોલીયા
પ્રમુખસ્વામી મેડિકલ કોલેજ

આ ભ્રષ્ટાચારને કોઇએ ઘાસ જેવો કહ્યો. તમે ઘાસ કાપી કાઢો. એના પર સડક બનાવી દો. પછી ત્યાં ઘાસ નહીં ઉગે. આજે દુનિયામાં સિંગાપોર, ડેન્માર્ક અને ન્યુઝીલેન્ડ એવા દેશો છે જ્યાં ભ્રષ્ટાચાર નહીવત્ છે. આ ભ્રષ્ટાચાર દૂર કરવાની શરૂઆત આપણે પોતે જ કરવી પડશે. ને આ પળથી જ કરવી પડશે.

# અભિમુખતા કાર્યક્રમ/શિબિર

| ક્રમ | સંસ્થા | કોના માટે | વિશેષ ઉપસ્થિતિ | તારીખ/માસ | અન્ય વિગત |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટી. ઑફ સોશ્યલ વર્ક | B.S.W.ના વિદ્યાર્થીઓ માટે | શ્રી બી.સી. ગાંધી-ફાઇનાન્સ એડવાઇઝર<br>ડૉ. આર.પી. પટેલ-આણંદ ઇન્સ્ટી. ઑફ પી.જી. સ્ટડીઝ ઇન આર્ટ્સ | ૨૬ જુલાઇ ૨૦૧૧ | - |
| ૨. | ચરોતર એજ્યુ. સોસાયટી, આણંદ સંચાલિત શ્રી ડી.એન. ઇન્સ્ટી. ઑફ પી.જી. સ્ટડીઝ ઇન કોમર્સ | M.Com. 1st Semester | ડૉ. પી. કે. રાઠોડ<br>અધ્યક્ષ, બિઝનેસ સ્ટડીઝ વિભાગ, સ.પ. યુનિવર્સિટી | જુલાઇ ૨૦૧૧ | - |
| ૩. | ચરોતર એજ્યુ. સોસાયટી, આણંદ સંચાલિત શ્રી ડી.એન. ઇન્સ્ટી. ઑફ પી.જી. સ્ટડીઝ ઇન કોમર્સ | M.Com. 1st Semester | પ્રો. ડૉ. સંદીપ ભટ્ટ<br>પ્રોફેસર, બિઝનેસ સ્ટડીઝ વિભાગ, સ.પ. યુનિવર્સિટી | જુલાઇ ૨૦૧૧ | - |
| ૪. | સરદાર પટેલ એજ્યુ. ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ | B.Com. (SF) | ડૉ. પી. કે. રાઠોડ<br>અધ્યક્ષ, બિઝનેસ સ્ટડીઝ વિભાગ, સ.પ. યુનિવર્સિટી<br>ડૉ. કેતકીબેન શેઠ<br>આણંદ કોમર્સ કોલેજ | ૧૨ ઓગસ્ટ ૨૦૧૧ | - |
| ૫. | ક્રિશ્ચિયન કોલેજ ઑફ એજ્યુકેશન, આણંદ | FY BBA<br>FY BCA | શ્રી શરદ અમીન<br>હાઇસ્પીડ ટર્બો પ્રા. લિ.<br>વિઠ્ઠલ ઉદ્યોગનગર | ૬, ૭ જુલાઇ ૨૦૧૧ | - |
| ૬. | સરદાર પટેલ એજ્યુ. ટ્રસ્ટ સંચાલિત એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન | સ્કોપ અભિમુખતા<br><br>B.Ed. | જેનુલભાઇ હાફીઝ<br>કૉ-ઓર્ડિનેટર, સ્કોપ-આણંદ જિલ્લો<br>ડૉ. રીટા એન. કુમાર<br>અધ્યક્ષ, બોટની ડિપાર્ટમેન્ટ<br>એન.વી. પટેલ કોલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસ | જુલાઇ ૨૦૧૧ | - |
| ૭. | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત ઇન્સ્ટી. ઑફ બિઝનેસ સ્ટડીઝ, આણંદ | FY BBA (Gen)<br>FY BBA (ISM)<br>FY B.Com<br>MCom (Pre)<br>M EBiz (1st Sem) | ડૉ. આર. એન. જોશી<br>એસો. પ્રોફેસર<br>બિઝનેસ સ્ટડીઝ ડિપાર્ટમેન્ટ<br>સ. પ. યુનિ., વિદ્યાનગર | જુલાઇ ૨૦૧૧ | - |
| ૮. | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજ, આણંદ | TY BCom<br>TY BBA | પી.ટી. એજ્યુકેશન ટીમ<br>વલ્લભ વિદ્યાનગર | જુલાઇ ૨૦૧૧ | CAT, SNAP, GCET ઇત્યાદિ સ્પર્ધાત્મક પરીક્ષાઓ |

| ક્રમ | સંસ્થા | કોના માટે | વિશેષ ઉપસ્થિતિ | તારીખ/માસ | અન્ય વિગત |
|---|---|---|---|---|---|
| ૯. | ચરોતર એજ્યુ. સોસાયટી સંચાલિત શ્રી આઇ.જે. પટેલ એમ.એડ. કોર્સ, મોગરી | M.Ed. | શ્રી જયેન્દ્ર દવે<br>નિવૃત્ત અધ્યક્ષ,<br>અનુ. શિક્ષણશાસ્ત્ર વિભાગ,<br>સ.પ. યુનિ., વિદ્યાનગર | ૧૧ જુલાઇ ૨૦૧૧ | - |
| ૧૦. | સરદાર પટેલ એજ્યુ. ટ્રસ્ટ સંચાલિત એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, આણંદ | B.Ed. | શ્રી લલિભાઇ આર. ભટ્ટ | જુલાઇ ૨૦૧૧ | ગ્રંથાલય અભિમુખતા |
| ૧૧. | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજ | B.Ed. | ડૉ. વૈશાલીબહેન ભાવસાર | જૂન ૨૦૧૧ | ગ્રંથાલય અભિમુખતા |
| ૧૨. | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ સંચાલિત આણંદ ઇન્સ્ટી. ઑફ સોશ્યલ વર્ક, આણંદ | M.H.R.M | સરદાર પટેલ સ્મારક, કરમસદ<br>ત્રિભુવનદાસ ફાઉન્ડેશન<br>IDMC, વિઠ્ઠલ ઉદ્યોગનગરની મુલાકાત | જૂન ૨૦૧૧ | - |
| ૧૩. | ક્રિશ્ચિયન કોલેજ ઑફ મેનેજમેન્ટ સ્ટડીઝ, આણંદ | NSS | વિનોદ પરમાર | ૩ સપ્ટેમ્બર | NSS અભિમુખતા |
| ૧૪. | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટી. ઑફ સોશ્યલ વર્ક | BSW | લાંભવેલ, જીટોડીયા, બોરસદ-ચોકડી, એકતા પરિવાર ઝૂંપડપટ્ટી વિસ્તારની મુલાકાત | જૂન ૨૦૧૧ | - |
| ૧૫. | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજ, આણંદ | FY BCom<br>FY BBA | પ્રો. આર.પી. પટેલ, કાર્યકારી આચાર્ય, આણંદ કોમર્સ કોલેજ | જુલાઇ ૨૦૧૧ | - |
| ૧૬. | ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ | FY BBA, BBA-ITM, BCA, BCom | સુધીર મુખર્જી, નિવૃત્ત પ્રોફેસર<br>અનુ. મનોવિજ્ઞાન વિભાગ | જુલાઇ ૨૦૧૧ | - |
| ૧૭. | ચારુતર વિદ્યામંડળ સંચાલિત બી.જે.વી.એમ. | FY BCom | શ્રી એન. એલ. સંઘવી<br>કા. આચાર્ય, બીજેવીએમ | જુલાઇ ૨૦૧૧ | - |
| ૧૮. | ચારુતર વિદ્યામંડળ સંચાલિત બી.જે.વી.એમ. | FY BBA | શ્રી એન. એલ. સંઘવી<br>કા. આચાર્ય, બીજેવીએમ<br>ડૉ. એસ. આર. અજમેરી<br>કૉ-ઓર્ડિનેટર | જુલાઇ ૨૦૧૧ | - |
| ૧૯. | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટી. ઑફ સોશ્યલ વર્ક | MSW | ત્રિભુવનદાસ ફાઉન્ડેશન, આણંદ હોમિયોપેથીક હોસ્પિટલ, અમુલ ડેરી, સરદાર પટેલ મેમો. મુલાકાત | જુલાઇ ૨૦૧૧ | |
| ૨૦. | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટી. ઑફ બિઝનેસ સ્ટડીઝ, આણંદ | NSS યુનિટ | ડૉ. એન. આર. પરમાર<br>આચાર્ય, નલિની-અરવિંદ કોલેજ | ૧૬ ઓગસ્ટ ૨૦૧૧ | - |
| ૨૧. | શ્રી ડી.એન. ઇન્સ્ટી. ઑફ પી.જી. સ્ટડીઝ ઇન કોમર્સ, આણંદ | M.Com<br>ફ્રેશર્સ પ્રોગ્રામ | પ્રો. એસ.જી. દેવભાણકર<br>પૂર્વ કા.અધ્યક્ષ, અનુ. બિઝનેસ સ્ટડીઝ વિભાગ, સ.પ. યુનિ. | જુલાઇ ૨૦૧૧ | - |
| ૨૨. | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટી. ઑફ બિઝનેસ સ્ટડીઝ, આણંદ | ફ્રેશર્સ પાર્ટી | પ્રો. જી. એન. ભાવસાર<br>ડાયરેક્ટર, AIBS | જુલાઇ ૨૦૧૧ | - |

## 'गोदान' : एक अप्रतिम पठनीय कृति

जो लोग भारतीय साहित्य से थोड़ा-बहुत भी वास्ता रखते हैं उनके दिलोदिमाग में हिन्दी के कथा-सम्राट प्रेमचंद का नाम जरूर होगा । मुंशी प्रेमचंद का एक बेजोड़ उपन्यास 'गोदान' है जिसे हर साहित्यप्रेमी को अपने जीवन में अवश्य पढ़ना चाहिए । उपन्यास का शीर्षक भारतीय परम्पराओं में निहित आदर्शों के अनुरूप रखा गया है लेकिन इस कृति में भारत जैसे देश के कृषक-जीवन की कड़वी वास्तविकताओं को बड़ी संजीदगी के साथ उजागर किया गया है । अगर भारत का ज्यादातर हिस्सा ग्रामप्रधान और कृषिप्रधान है तो फिर यह कहने की जरूरत ही नहीं रह जाती कि 'गोदान' अपने आपमें कितना प्रासंगिक है ।

'गोदान' के केन्द्र में उत्तर भारत के होरी नामक किसान का जीवन-संघर्ष है जो ज़िन्दगीभर, अपने घर-द्वार पर एक गाय रखने की चाह में जूझते हुए, अन्ततः हालातों से हार जाता है और गाय के सहारे भवसागर पार करने की उसकी इच्छा कभी पूरी नहीं हो पाती । वह अपने घर के द्वार पर एक सुन्दर-स्वस्थ गाय बाँधने में तो सफल हो जाता है परन्तु उसकी खुशी ज्यादा दिनों तक टिक नहीं पाती । पारिवारिक कलह-क्लेश, ईर्ष्या-द्वेष के कारण उसके भाई द्वारा ही गाय को जहर देकर मार दिया जाता है । होरी भारतीय कुटुंब के आदर्शों के जतन की कोशिश में अपने भाई की ख़िलाफत भी नहीं कर पाता तो उसकी पत्नी धनिया समाज और शासन की उन ताकतों से भिड़ती है जिन्होंने शोषित-पीड़ित, दबे-कुचले, गरीब तबके के भाग्य का फैसला करने की ठेकेदारी ले रखी है । जमींदारी-सामंती मूल्यों से मढ़ी हुई चक्की में पिसते रहना और जैसे-तैसे गुजर-बसर करना होरी जैसे भारतीय किसान परिवार की नियति वे मजबूरी हो जाती है । शोषण और सूदखोरी की सुरसा का मुँह इतना विशाल और भयावह हो उठता है कि होरी जैसा मेहनती और ईमानदार किसान लगातार उसमें धँसता चला जाता है । कर्ज ढलती शाम की काली परछाँई की तरह तेजी से बढ़ता चला जाता है और गुलामी का शिकंजा लगातार कसता जाता है । कर्ज उतारने की झूठी उम्मीदों के साथ, फिर वह गाय-बैल बसाने की लालसा में, अपने आपको गिरवी रखकर, तनतोड़ मेहनत करते हुए आखिरकार होरी लू लगने के कारण ज़िन्दगी की जंग हार जाता है और मौत का निवाला बन जाता है । मरने के बाद भी गाय का मसला पीछा नहीं छोड़ता । फिर एक बार समाज के ठेकेदार गाय का दान (गोदान) करने का दबाव बनाते हैं (ताकि वैतरणी पार हो सके) तो धनिया अपनी हथेली में चन्द सिक्के रखकर, गाय खरीदने की असमर्थता की सच्चाई से रूबरू कराते हुए 'यही इनका गोदान है' कहकर पछाड़ खाकर गिर पड़ती है । उपन्यास में बहुत से पात्र और प्रसंग हैं जिनसे रूबरू होने पर प्रेमचंद जैसे कथाकार के अभिगम का पता चलता है । उनके अन्य उपन्यासों तथा कहानियों में जो लेखकीय चिन्ता और ईमानदारी है वह जल्दी से हर लेखक में नहीं मिलती । अस्तु, भारतीय समाज, भारतीय कृषि-व्यवस्था या फिर भारतीय छोटे किसान के सच को जानने-समझने के लिहाज से 'गोदान' एक बेजोड़ पठनीय कृति है ।

**- मदनमोहन शर्मा**

# સરદાર પટેલ યુનિવર્સિટી ઈન્ટર કોલેજીએટ યુથ ફેસ્ટીવલ ૨૦૧૧-૨૦૧૨

૨૩થી ૨૫ સપ્ટેમ્બર ૨૦૧૧ દરમ્યાન સરદાર પટેલ યુનિવર્સિટીમાં ઇન્ટર કોલેજીએટ યુથ ફેસ્ટીવલ ૨૦૧૧-૨૦૧૨ યોજાઇ ગયો. આ મહોત્સવમાં યુનિવર્સિટીની વિવિધ સ્નાતક કોલેજો તથા અનુસ્નાતક વિભાગોના વિદ્યાર્થીઓએ સોત્સાહ ભાગ લીધો હતો. ઉદ્‌ઘાટન સમારંભના મુખ્ય અતિથિ તરીકે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢ ઉપસ્થિત રહ્યા હતા. પૂર્ણાહૂતિ સમારંભમાં શ્રી રાજેન્દ્ર અસારી, ડીએસપી, આણંદ મુખ્ય મહેમાન તરીકે હતા અને અધ્યક્ષસ્થાને ડૉ. શિરીષ શ્રીવાસ્તવ, કા. કુલપતિશ્રી હતા.







## યુથ ફેસ્ટીવલનું પરિણામ

### (૧) ક્લાસિકલ વોકલ (સોલો)
પ્રથમ : આર. એમ. દેસાઇ કોલેજ ઑફ મ્યુઝીક એન્ડ ડાન્સ
દ્વિતીય : સેમકોમ
તૃતીય : બી.જે.વી.એમ.

### (૨) ક્લાસિકલ ઇન્સ્ટ્રુમેન્ટલ સોલો (પરકશન)
પ્રથમ : એન.વી.પટેલ કોલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસ
દ્વિતીય : આર.એમ. દેસાઇ કોલેજ ઑફ મ્યુઝીક એન્ડ ડાન્સ
તૃતીય : એચ. એમ. પટેલ ઈન્સ્ટિ. ઑફ ઇંગ્લિશ

### (૩) ક્લાસિકલ ઇન્સ્ટ્રુમેન્ટલ સોલો (નોન-પરકશન)
પ્રથમ : અરીબાસ
દ્વિતીય : આર. એમ. દેસાઇ કોલેજ ઑફ મ્યુઝીક એન્ડ ડાન્સ
તૃતીય : ઇલ્સાસ

### (૪) લાઇટ વોકલ સોલો (ઇન્ડિયન)
પ્રથમ : સેમકોમ
દ્વિતીય : આણંદ આર્ટ્સ કોલેજ, આણંદ
તૃતીય : પી.જી. ડિપાર્ટમેન્ટ ઑફ હોમસાયન્સ

### (૫) વેસ્ટર્ન વોકલ (સોલો)
પ્રથમ : સરદાર પટેલ કોલેજ ઑફ એડમિની. એન્ડ મેનેજમેન્ટ
દ્વિતીય : અરીબાસ
તૃતીય : પી. એસ. મેડીકલ કોલેજ, કરમસદ

### (૬) ગ્રુપ સોંગ (ઇન્ડિયન)
પ્રથમ : સેમકોમ
દ્વિતીય : સી. ઝેડ. પટેલ કોલેજ ઑફ બિઝ. એન્ડ મેનેજમેન્ટ
તૃતીય : ઇલ્સાસ

### (૭) ગ્રુપ સોંગ (વેસ્ટર્ન)
પ્રથમ : સેમકોમ
દ્વિતીય : અરીબાસ
તૃતીય : સરદાર પટેલ કોલેજ ઑફ એડમિની. એન્ડ મેનેજમેન્ટ

### (૮) ક્વિઝ
પ્રથમ : પી. એમ. પટેલ કોલેજ ઓફ બિઝનેસ એડમીની.
દ્વિતીય : અરીબાસ
તૃતીય : ડી.સી. પટેલ સ્કૂલ ઑફ આર્કિટેક્ચર

### (૯) ડિબેટ
પ્રથમ : સેમકોમ
દ્વિતીય : ઇલ્સાસ
તૃીતય : એચ. એમ. પટેલ ઈન્સ્ટિ. ઑફ ઇંગ્લીશ

### (૧૦) ઇલોક્યુશન
પ્રથમ : બી.જી. પટેલ કોલેજ ઑફ ફિઝીયોથેરાપી
દ્વિતીય : સી. પી. પટેલ કોમર્સ કોલેજ, આણંદ
તૃતીય : અરીબાસ

### (૧૧) વન એક્ટ પ્લે
પ્રથમ : સેમકોમ
દ્વિતીય : એમ. બી. પટેલ સાયન્સ કોલેજ
તૃતીય : અરીબાસ

### (૧૨) સ્કીટ
પ્રથમ : એચ. એમ. પટેલ ઈન્સ્ટિ. ઑફ ઇંગ્લીશ
દ્વિતીય : અરીબાસ
તૃતીય : સેમકોમ





**(૧૩) માઈમ**
પ્રથમ : સેમકોમ
દ્વિતીય : ક્રિશ્ચિયન કોલેજ ઑફ મેનેજમેન્ટ
તૃતીય : એમ. બી. પટેલ સાયન્સ કોલેજ

**(૧૪) મીમીક્રી**
પ્રથમ : પી.જી. ડિપાર્ટમેન્ટ ઑફ એમ.એસ.ડબલ્યુ.
દ્વિતીય : સેમકોમ
તૃતીય : અરીબાસ

**(૧૫) ઓન ધ સ્પોટ પેઈન્ટીંગ**
પ્રથમ : તક્ષશિલા કોલેજ ઑફ મેનેજમેન્ટ એન્ડ ટેકનો.
દ્વિતીય : સેમકોમ
તૃતીય : એચ. એમ. પટેલ ઈન્સ્ટિ. ઑફ ઇંગ્લીશ

**(૧૬) કોલાજ**
પ્રથમ : એચ. એમ. પટેલ ઈન્સ્ટિ. ઑફ ઇંગ્લીશ
દ્વિતીય : ડી. સી. પટેલ સ્કૂલ ઑફ આર્કિટેક્ચર
તૃતીય : સેમકોમ

**(૧૭) પોસ્ટર મેકીંગ**
પ્રથમ : એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ
દ્વિતીય : એચ. એમ. પટેલ ઈન્સ્ટિ. ઑફ ઇંગ્લીશ
તૃતીય : ડી.સી. પટેલ સ્કૂલ ઑફ આર્કિટેક્ચર

**(૧૮) ક્લે મોડલીંગ**
પ્રથમ : એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ
દ્વિતીય : ડી.સી. પટેલ સ્કૂલ ઑફ આર્કિટેક્ચર
તૃતીય : અરીબાસ

**(૧૯) કાર્ટૂનીંગ**
પ્રથમ : સેમકોમ
દ્વિતીય : પી.જી. ડિપાર્ટમેન્ટ ઑફ હોમ સાયન્સ
તૃતીય : અરીબાસ

**(૨૦) રંગોળી**
પ્રથમ : પી. જી. ડિપાર્ટમેન્ટ ઑફ હોમસાયન્સ
દ્વિતીય : પી. જી. ડિપાર્ટમેન્ટ ઑફ ગુજરાતી
તૃતીય : એચ. એમ. પટેલ ઈન્સ્ટિ. ઑફ ઇંગ્લીશ

**(૨૧) સ્પોટ ફોટોગ્રાફી**
પ્રથમ : એચ. એમ. પટેલ ઈન્સ્ટિ. ઑફ ઇંગ્લીશ
દ્વિતીય : આણંદ કોમર્સ કોલેજ, આણંદ
તૃતીય : પી.જી. ડિપાર્ટમેન્ટ ઑફ મિડીયા સ્ટડીઝ

**(૨૨) ક્લાસિકલ ડાન્સ**
પ્રથમ : સેમકોમ
દ્વિતીય : એમ. બી. પટેલ સાયન્સ કોલેજ
તૃતીય : ઈલ્સાસ

**(૨૩) ફોલ્ક ડાન્સ**
પ્રથમ : એમ. બી. પટેલ સાયન્સ કોલેજ
દ્વિતીય : સેમકોમ
તૃતીય : અરીબાસ

## ટીમ ચેમ્પિયનશીપ
## પ્રથમ : સેમકોમ
## દ્વિતીય : અરીબાસ



# શું હવે ભારતમાંથી ભ્રષ્ટાચાર સાવ ખતમ થઈ જશે ??

૧૭ સપ્ટેમ્બર ૨૦૧૧ના રોજ અનુસ્નાતક ગુજરાતી વિભાગના ઉપક્રમે શ્રી ભાઇકાકા ગુજરાતી વક્તૃત્વ સ્પર્ધા યોજાઇ ગઇ. એનો વિષય હતોઃ 'શું હવે ભારતમાંથી ભ્રષ્ટાચાર સાવ ખતમ થઇ જશે?' આ સ્પર્ધામાં આપણી યુનિવર્સિટીના કેટલાક વિચારશીલ વિદ્યાર્થીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા. એમાંના કેટલાક અત્રે પ્રસ્તુત છે :

સસ્પેન્સ, સનસનાટી, સંવાદ, સમાધાન અને શરણાગતિના તબક્કામાંથી પસાર થયેલા અપહરણકાંડો કે કૌભાંડોની ફીક્કી સમાપ્તિ પછી ખરેખર કોઇના પણ મનમાં પ્રશ્ન ઉભો થાય જ કે શું ભારતમાંથી ભ્રષ્ટાચાર સાવ ખતમ થઇ જશે ? કે પછી ભારત જ ભ્રષ્ટાચારમાં સાવ ખતમ થઇ જશે ?

કોમનવેલ્થ રમતો વખતે થયેલો ભ્રષ્ટાચાર કે 2G સ્પેક્ટ્રમનું અબજો રૂપિયાનું કૌભાંડ એક-બે કલાકમાં તો નથી જ થયું ને ? તેના માટે અબજો રૂપિયાની લેવડ-દેવડ કરવામાં આવી. અનેક બેંકો અને અનેક રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ અને સંખ્યાબંધ ઉચ્ચ અધિકારીઓ એમાં આખે આખા ડુબ્યા હશે ત્યારે આ અબજો રૂપિયાની હેરાફેરી થઇ હશે ને !

એક વખત એક યુવાને વિશ્વના મેધાવી રાજનીતિજ્ઞ ગણાતા વિન્સ્ટન ચર્ચિલને પૂછ્યું : રાજકારણી બનવાની લાયકાત શું ? ચર્ચિલનો જવાબ હતોઃ આવતીકાલે, આવતા અઠવાડિયે, આવતા મહિને અને આવતા વર્ષે શું થશે એ આત્મવિશ્વાસથી કહેવાની ક્ષમતા અને પછી એ સમજાવવાની કુશળતા કે, એ બધું શું કામ ન થઇ શક્યું? આવી લાયકાતો ધરાવતા લોકો વડે થતું કાર્ય એટલે રાજકારણ ! મિત્રો, અત્યાર સુધી મજાકમાં એવું કહેવાતું કે આ દેશનું તંત્ર તો સાવ 'રામ ભરોસે' ચાલે છે. પણ એ વાત હવે ખોટી ઠરી છે. આજે આ દેશનું રાજકારણ તદ્દન 'હરામ ભરોસે' ચાલે છે. અને કમનસીબે આ જોક નથી. હજુ એક દાયકા પહેલા ભ્રષ્ટાચારની ફરિયાદો થતી. એ બેઇમાનીમાંય એટલી ઇમાનદારી તો હતી કે ભ્રષ્ટાચાર થકી કામ થઇ જતું. અત્યારે તો ભ્રષ્ટાચાર તો થાય છે. પણ એ છતાં કશુંય કામ પણ થતું નથી. સઘળું ઠપ્પ !

આ દુનિયા કહે છે કે એકવીસમી સદી એ ભારતની સદી છે. કારણ કે ભારતમાં સૌથી વધુ યુવાધન છે. આપણે સૌ યુવાનો જ આપણા દેશની આવતીકાલની ઘડવૈયા છીએ. ત્યારે આપણે સૌએ આ દેશે મારા માટે શું કર્યું એ નહીં, પરંતુ આ દેશ માટે એક યુવાન તરીકે હું શું કરી શકીશ ? એ વિચારવાની વધુ જરૂરિયાત છે.

- ઘનશ્યામ વઘાસીયા
બી.જે.વી.એમ.

અનુસંધાન પાન ૬ ઉપર...

## Subscribe Today

**Annual**
Students : Rs.10.00
Others : Rs.15.00
Institutions : Rs.100.00

**Life**
Faculty & Staff : Rs.200.00
Institutions & Individuals : Rs.500.00

**Lifetime Subscription in Foreign Exchange:**
US $ 100.00 € 75.00 £ 75.00

**Contact:** Publication Division, Bhaikaka Library
Vallabh Vidyanagar 388 120

## Contribute Today

*Sheel Shrutam* welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. **Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120.**
**Email: sheelshrutam@gmail.com**

Registered with the Registrar of Newspaper for India. Under No. G/AND-73 (B) Superscription PERIODICALS (S)

O. I. G. S. Book Post (Printed Matter)

If undelivered please return to :
The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

*Sheel Shrutam :* A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.